માહિતી અધિકાર અધિનિયમ--૨૦૦૫ હેઠળ મળેલ અરજીઓ અને અપીલોની માહિતીનો કલમ-૪ હેઠળની પ્રોએકટીવ ડિસ્કલોઝરની માહિતીમાં સમાવેશ કરવા બાબત

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૧૨/૯૧/આરટીઆઈસેલ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૦૭-૦૮-૨૦૧૩

વંચાણમાં લીધા :-
(૧)સા.વ.વિભાગનો પરિપત્ર ક્રમાંક : પીએડી-૧૦-૨૦૦૭-૩૩૫૩૬૪-આરટીઆઈસેલ, તા.૮-૮-૧૨
(૨)સા.વ.વિભાગનો પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૧૨-૯૧-આરટીઆઈસેલ, તા.૧-૧૧-૧૨
(૩)સા.વ.વિભાગનો પરિપત્ર ક્રમાંક : વહસ-૧૦૨૦૦૫-૨૫૫૬-ભાગ-૧-આરટીઆઈસેલ, તા.૨૫.૫.૦૯

**પ રિ પ ત્ર** :-

માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪(૧)(ખ) હેઠળ દરેક જાહેર સત્તામંડળોએ ૧૭ મુદ્દાની માહિતી (પ્રોએકટીવ ડિસ્કલોઝર) તૈયાર કરીને પ્રસિધ્ધ કરવાની અને દર વર્ષે આ માહિતીને અદ્યતન કરવાની રહે છે. આ બાબતે ઉપર સંદર્ભ-૧ અને ૨ માં દર્શાવેલ તા.૮.૮.૨૦૧૨ અને તા.૧.૧૧.૨૦૧૨ના પરિપત્રોથી જરૂરી સુચનાઓ તમામ જાહેર સત્તામંડળોને પરિપત્રિત કરવામાં આવેલ છે.

૨. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ અરજદારશ્રીઓ તરફથી કરવામાં આવતી અરજીઓ અને અપીલોની માહિતી તમામ જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીશ્રીઓ અને અપીલ અધિકારીશ્રીઓએ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫.૦૫.૨૦૦૯ના પરિપત્ર ક્રમાંક : વહસ/૧૦૨૦૦૫/૨૫૫૬/ભાગ-૧/આરટીઆઈ સેલથી આપવામાં આવેલ સુચનાઓ મુજબ નિયત રજીસ્ટર નમુના નંબર-૧ અને ૨ માં નિભાવવાની રહે છે. જાહેર માહિતી અધિકારીશ્રીઓ ધ્વારા રજીસ્ટર નમુના નંબર-૧માં અને અપીલ અધિકારીશ્રીઓ ધ્વારા રજીસ્ટર નમુના નંબર-૨માં નિભાવવામાં આવતી આ માહિતીનો માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૪ હેઠળની પ્રોએકટીવ ડિસ્કલોઝરની માહિતીમાં સમાવેશ કરવા અને સમયાંતરે આ માહિતીને અદ્યતન કરવા માટે તમામ વહીવટી વિભાગો અને તમામ જાહેર સત્તામંડળોને આથી સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.સી.પટેલ)
સરકારના નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેકટર--૧૮, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલકી સેવા ટ્રીબ્યુનલ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- ડેપ્યુટી ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો -- આ સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાઓ / કચેરીઓ / બોર્ડ / નિગમો /જાહેર સત્તામંડળોના ધ્યાને લાવવા સારું
- સર્વે જિલ્લા કલેકટરશ્રી,
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી,
- સેકશન અધિકારી(આઈટી), વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, બ્લોક નં.૭, પાંચમો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
- – આ પરિપત્ર GSWAN Popup પર અને http://gswan.gov.in/rti/htm. પર મુકવા સંબંધિતને સૂચના આપવા અર્થે
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ
- ના.સે.અ. સીલેકટ ફાઈલ
- શાખા સીલેકટ ફાઈલ